# અજ્ઞેયની ખોજ

જગત ગમે તેટલું આપી શકતું હોય તોપણ તે અત્યંત ઓછું જ હોય છે: એની શકિત ને એનું જ્ઞાન કાળની બક્ષિસો છે; આત્માની પવિત્ર તૃષાને તે છિપાવી શકતું નથી. જે એકસ્વરૂપ છે તેનાં આ બધાં મહિમાવંતાં સ્વરૂપો છે, ને એની કૃપાના ઉચ્છ્વાસથી જ આપણાં જીવનો ટકી રહેલાં છે. એ જ આપણા અસ્તિત્વનું સંપૂર્ણ સત્ય છે. પરંતુ એ એની પોતાની ક્રિયાઓથી ઢંકાઈ ગયેલું હોઈ આપણે માટે અગમ્ય છે, ગૂઢ છે, નીરવ ને સ્પષ્ટ દેખાય કે સમજાય નહિ એવું બનેલું છે.

જે સર્વને મનોહર બનાવી દે છે તે સાન્નિધ્ય અશ્વપતિ આગળથી લુપ્ત થયું હતું. પોતાના કારણથી વિયુકત બનેલું જગત જીવ્યે તો જતું હતું, પરંતુ તે પ્રિયતમના પ્રયાણ પછીના પ્રેમની માફક. અજ્ઞેયમાં જ્ઞાનમાત્રનો અંત આવી ગયો. સર્વ શકિત સર્વશકિતમાનમાં પાછી પ્રવેશી ગઈ. અશ્વપતિના પ્રયાસ-પરાયણ હૃદયમાં નીરવતા જામી. જગતની ઝંખનાઓના અવાજમાંથી મુકત થઈ એ અનિર્વચનીયના અકાળ આવાહન પ્રત્યે વળ્યો. એક અંતરંગ અનામી સત્, પરવશ કરતી પરમ મુદા અને મહાશાંતિ પોતામાં ને અન્ય સર્વમાં સંવેદાતી હતી, છતાંય તે પકડમાં આવતી નહોતી. પાસે જતાં તે આઘે સરકી જતી ને રાજાને પ્રલોભાવીને બોલાવતી જ રહેતી. એના આનંદ વિના અન્ય કંઈ સંતોષ આપતું નહિ. એના વગરનું મોટામાં મોટું હોય તેય તુચ્છ બની જતું. એનું સાન્નિધ્ય તુચ્છમાં તુચ્છનેય દિવ્ય બનાવી દેતું. એ દૈવત જતું રહેતું ત્યારે જગત અર્થરહિત શૂન્ય બની જતું. એણે ભુવનને ભરી દીધું હતું, છતાં એનો સ્પર્શ પામી શકાતો નહોતો. કરોડો લોકોને એ સર્જતું ને વિસર્જતું, નિ:સંખ્ય નામ-રૂપોને પોતે ધારણ કરતું ને નાશ પમાડતું. એ હતું સર્વાત્માનો સમસ્ત સાર. એનો મહિમા આઘેનો બની જઈ અસ્પષ્ટ દેખાતો, તો અંતરમાં એની મધુર નિકટતા અનુભવાતી.

રાજાના આગેકદમ પર એક ભીમકાય સંદેહે છાયા પાથરી. કોઈ દાબતાં તો કોઈ સહાય કરતાં, સમજાય નહિ એવાં બળો આગળ આવ્યાં. છતાં અભીપ્સુ અશ્વપતિ કદીક ડૂબતો તો કદીક ઊંચે ઊંચકાતો અટકયા વિના અજિત રહીને આરોહતો રહ્યો. એમ કરતાં કરતાં એ એક એવે શિખરે આવ્યો કે જ્યાં સર્જાયેલું કશું જ રહી શકતું નહિ. જ્યાં એકેએક આશાને ને ખોજને ખમચાઈ જવું પડતું એવી એક કેવલ સત્તાની સમીપમાં આવી અશ્વપતિ ઊભા.

એ હતી એક શૂન્યાકારતા, પાર વગરનાં પરિવર્તનોથી ભીતરમાં ભરેલી. ત્યાં બધા જ વેશો વ્યર્થ બની જતા, માનવ મનને મહાજ્યોતિમાં પદત્યાગ કરવો પડતો, યા તો ફૂદાની માફક સત્યની નરી જ્વાલામાં જળી જવું પડતું. જ્યાં ઊભનારને ચક્કર આવી જાય એવી એક ઊંચાઈએ અશ્વપતિ ઊભો.

હવે એક પ્રચંડ પસંદગી કરવાની હતી. એ હતી બે પ્રકારની : અશ્વપતિ પોતે અત્યાર સુધીમાં જે થયો હતો ને પોતે જેની પ્રત્યે વિકાસ પામી રહ્યો હતો તે સર્વને કાં તો પાછળ મૂકી દેવાનું, કાં તો જેનું એકે નામ નથી તે **तत्** ના એક સ્વરૂપમાં એને રૂપાંતર પમાડવાનું. વિચારને જ્યાં પકડ મળતી નથી એવી એક સ્પર્શને માટે અગમ્ય શકિતમાં અશ્વપતિના આત્માએ શૂન્યનું સાહસ સંમુખ જોયું. રૂપોના જગતે એને તજી દીધો; વિશ્વવ્યાપી અજ્ઞાન તળિયે જઈ બેઠું; વિચારની ગતિનો અંત આવ્યો; કર્તા સંકલ્પ બંધ પડી ગયો; અવિદ્યાએ ઊભી કરેલી ઈમારતો બેસી ગઈ; વિશ્વાધાર આત્મા સુધ્ધાં પ્રકાશમાં અપર્યાપ્ત બની ગયો. જીવના પૃથક્ સ્વરૂપને મન પારના પરમ સત્યમાં જન્મ લેવો પડે યા તો પીગળી જવું પડે એવી પરિસ્થિતિ ઉપસ્થિત થઈ. એક સુખપૂર્ણ શૂન્યમાં રૂપ-રેખા ને મેળનું માધુર્ય વિલીન થઈ ગયાં. વિશ્વકર્માઓનાં નામરૂપ રહ્યાં નહીં; એમની રચેલી યોજનાબદ્ધ સૃષ્ટિઓ સરી ગઈ. વિશ્વે પોતાનો રંગબેરંગી પટ અળગો કર્યો. સર્જાયેલી વસ્તુઓનો ને એમની સમસ્યાઓનો અકલ્પ્ય અંત આવ્યો અને અખિલનો દૂરદૃષ્ટ દેવ દેખાયો. જીવનની પાંખો પર એના પાય મંડાયા હતા. કાળનો એ સર્વ-સમર્થ એકાકી દ્રષ્ટા હતો. અંતર્વર્તી અને અકળ એ હીરક નયને નિહાળતો હતો. એની તાગ વગરની દૃષ્ટિથી આકર્ષાયેલાં અણઉકલ્યાં કાળચક્રો પોતાના પ્રભવ પ્રત્યે પાછાં ફરતાં હતાં ને અદૃશ્ય સાગરમાંથી પાછાં ઉપર આવતાં હતાં. એની શકિતમાંથી સર્જાયેલું સર્વ સમાપ્ત થઈ ગયું હતું. વિશ્વના મનની કલ્પનાનો વિષય બને એવું કશું જ રહ્યું નહોતું. શાશ્વતીય વિલાઈ જવાની તૈયારીમાં હતી. અવકાશેય શૂન્યમાં શમી જતા સ્વપ્નની પાંખોના ફફડાટ જેવો બની ગયો હતો. અમર આત્મા અને ઈશ્વરીય સત્તા અજ્ઞેયમાંથી પ્રક્ષિપ્ત મિથ કથા જેવાં લાગતાં હતાં. **तत्** માંથી સર્વ સમુદ્‌ભવ્યું હતું ને **तत्** માં ઉપરામ પામતું હતું. પરંતુ તે **तत्** શું હતું તે કોઈ વિચાર કે દૃષ્ટિથી જાણ્યું જતું નહોતું.

એક નિરાકાર રૂપ માત્ર અવશિષ્ટ રહ્યું હતું. એ હતું એક આછાપાતળા આભાસ જેવું, શૂન્યની કિનાર પર સમાપ્ત થતા મહાસાગરના મોજાને થતા અંતિમ અનુભવ જેવું. અવકાશના ભાન વિનાની એક બ્રાહ્મી બૃહત્તા વ્યાપી હતી. કાળથી વિચ્છેદ પામેલી એક નિત્યતાએ, એક અદ્‌ભુત ને અવિકારી અક્ષર શાંતિએ જગતનો ને જીવનો ચૂપચાપ પરિત્યાગ કર્યો હતો. એક એકમાત્ર ને અદ્વિતીય સત્યતાએ રાજાની ભાવિક શોધને ઉત્તર આપ્યો. અશ્વપતિની આગળ એ હવે આવી ઊભી— ભાવહીન, શબ્દહીન, અગાધ શાંતિમાં પ્રવિલીન ને કોઈથી ભેદાય નહિ એવી

રહસ્યમયતાથી ભરેલી. વિશ્વની સાથે એને કશો જ સંબંધ નહોતો. એની વિરાટતામાં નહોતી ક્રિયા કે નહોતી ગતિ. એના મૌનની સમક્ષ જીવનનો પ્રશ્ન હોઠ ઉપર જ મૃત્યુ પામી જતો. જગતની જહેમત પરમ પ્રકાશની અનુમતિ ન મળતાં અજ્ઞાનના આરોપસર અટકી પડતી. જાણવાની જરૂરવાળું ત્યાં મન નહોતું, પ્રેમની જરૂરવાળું હૃદય નહોતું. એની નામહીનતામાં વ્યક્તિસ્વરૂપનો વિલય થઈ જતો. એ પોતે જ પોતાની સમીપ સત્ય હતું. એ હતું શુદ્ધ **सत्**—વિચાર ને ભાવોર્મિથી રક્ષિત રહેલું; એ હતું અમર, અવિભાજિત આનંદમય **चित्**; પોતાની કેવળ અનંતતામાં એ અવસ્થિત હતું, એક અનન્ય ને વાણીથી વર્ણવી ન શકાય એવું એકાકી; એ હતું અરૂપ, અલક્ષણ અને અવાક્. પોતાના અકાલ આત્માથી એ સ્વરૂપને જાણતું. એ સર્જતું નથી, સર્જાયું નથી; એનો જન્મ થયો નથી. એ એક એવું એક છે. એના વડે સર્વે જીવે છે, એ કોઈને આધારે જીવતું નથી; એ છે અમેય જ્યોતિર્મય રહસ્ય. અવ્યક્તનાં અવગુંઠનોમાં રક્ષાયેલું રહેલું, પરિવર્તન પામતા પ્રપંચથી ઉપર, સર્વોચ્ચ ને સર્વથા નિર્વિકાર, સર્વનું મૌનમય નિગૂઢ કારણ, અગમ્ય, અનંત, સનાતન, અચિંત્ય અને એકાકી.